SYBCom Sem-3 (નામપદ્ધતિ અને કરવેરા)

ખાતાવાર હિસાબો **(Departmental Accounts)**

1. ખાતાવાર હિસાબોનો પરિચય **(Introduction of Departmental Accounts)**

જ્યારે કોઈ વ્યવસાયમાં એકથી વધુ વિભાગો (Departments) હોય, ત્યારે દરેક વિભાગનો નફો-નુકસાન અલગથી જાણવા માટે ખાતાવાર હિસાબો તૈયાર કરવામાં આવે છે. તેનો મુખ્ય હેતુ દરેક વિભાગની કાર્યક્ષમતા અને નફાકારકતા માપવાનો છે.

ઉદ્દેશો

- દરેક વિભાગનો નફો અથવા નુકસાન જાણવા.
- વિભાગોની કામગીરીનું મૂલ્યાંકન કરવા.
- ખર્ચ નિયંત્રણમાં મદદરૂપ થવા.
- વ્યવસ્થાપનને યોગ્ય નિર્ણય લેવામાં મદદ કરવા.

ખાતાવાર હિસાબોની પદ્ધતિઓ

1. બધા વિભાગોના હિસાબ એક જ એકાઉન્ટ રાખવા.
2. દરેક વિભાગ માટે અલગ-અલગ એકાઉન્ટ રાખવા.

---

2. કોમન ખર્ચની ફાળવણીનો આધાર **(Basis of Allocation of Common Expenses)**

જે ખર્ચ સીધો કોઈ એક વિભાગ સાથે સંબંધિત હોય તે ખર્ચ તે વિભાગને સીધો ચાર્જ કરવામાં આવે છે. સામાન્ય (Common) ખર્ચોને યોગ્ય આધારે વિભાગોમાં વહેંચવામાં આવે છે.

ખર્ચ	ફાળવણીનો આધાર
ભાડું, મકાન વીમો, રિપેર	વિભાગ દ્વારા વપરાયેલ ફ્લોર એરિયા
લાઇટ અને હીટિંગ ખર્ચ	વીજળી/ઊર્જા વપરાશ
વેચાણ ખર્ચ, કમિશન, ખરાબ દેવાં	વેચાણના પ્રમાણમાં

કેરેજ ઇનવર્ડ	ખરીદીના પ્રમાણમાં
પગાર અને મજૂરી	સમય અથવા કર્મચારીઓના આધારે
ઘસારો (Depreciation)	સંપત્તિના મૂલ્યના આધારે
કલ્યાણ ખર્ચ	કર્મચારીઓની સંખ્યા પ્રમાણે
PF/ESI ફાળો	પગાર અને મજૂરીના પ્રમાણમાં

નોંધ

વ્યાજ, રોકાણના વેચાણ પર નફો/નુકસાન જેવા નાણાકીય ખર્ચો સામાન્ય P&L ખાતામાં દર્શાવવામાં આવે છે.

---

3. ઇન્ટર કોર્પોરેટ/ઇન્ટર ડિપાર્ટમેન્ટલ ફેરબદલી (Inter-Departmental Transfers)

એક વિભાગમાંથી બીજા વિભાગમાં માલ અથવા સેવા ટ્રાન્સફર કરવામાં આવે તેને Inter-Departmental Transfer કહેવાય છે.

ટ્રાન્સફરના પ્રકાર

(A) Cost Price પર ટ્રાન્સફર

- માલ ખર્ચ કિંમતે મોકલવામાં આવે છે.
- કોઈ અપ્રાપ્ત (Unrealised) નફો રહેતો નથી.

(B) Selling Price અથવા **Cost + Profit** પર ટ્રાન્સફર

- માલ વેચાણ કિંમતે અથવા નફો ઉમેરીને ટ્રાન્સફર થાય છે.
- જો વર્ષના અંતે માલ વેચાયો ન હોય તો તેમાં રહેલો નફો "Unrealised Profit" ગણાય છે.
- આ નફા માટે Stock Reserve બનાવવામાં આવે છે.

અગત્યના મુદ્દા

1. વિભાગવાર વેચાણ અને ખરીદી અલગ કરવી.

2. સીધા ખર્ચો સંબંધિત વિભાગમાં દાખલ કરવો.
3. સામાન્ય ખર્ચોની યોગ્ય આધારે ફાળવણી કરવી.
4. Trading Account તૈયાર કરી Gross Profit કાઢવો.
5. P&L Account તૈયાર કરી Net Profit શોધવો.
6. જરૂર હોય તો Consolidated P&L Account તૈયાર કરવું.

દાખલાઓ

1.એક ખાતાંવાળી દુકાન માં ચાર વિભાગો છે , જેના ખર્ચ ની વિગતો નીચે પ્રમાણે છે. તેને આધાર લઇ ને ખર્ચા ની વિગતવાર ફાળવણી બનાવો.

	રૂ.		રૂ.
ભાડું અને વેરા	૫૦૦૦	કેન્ટિન ખર્ચ	૪૦૦૦
વીજળી	૧૨૦૦	આવકમાલ ગાડાભાડું	૬૦૦૦
વીમા પ્રીમિયમ	૨૦૦૦	પરચુરણ ખર્ચ	૮૦૦૦
ઘસારો	૧૦૦૦૦	સેલ્સમેન કમિશન	૧૦૦૦૦

અન્ય વિગતો નીચે મુજબ છે.

વિભાગો

વિગતો	કુલ	અ	બ	ક	ડ
રોકેલી જગ્યા (ચો. ફૂટ)	૧૦૦૦૦	૨૦૦૦	૩૦૦૦	૩૦૦૦	૨૦૦૦
વીજળી ના પોઇન્ટ	૬૦	૧૫	૧૫	૨૦	૧૦
ખરીદી રૂ.	૮૦૦૦૦	૧૬૦૦૦	૨૦૦૦૦	૨૪૦૦૦	૨૦૦૦૦
વેચાણ રૂ.	૧૫૦૦૦૦	૩૦૦૦૦	૬૦૦૦૦	૧૫૦૦૦	૪૫૦૦૦

મિલકત ની કિંમત રૂ.	૨૫૦૦૦૦	૬૦૦૦૦	૮૦૦૦૦	૧૦૦૦૦૦	૧૦૦૦૦
કર્મચારીઓની સંખ્યા	૪૦	૧૫	૧૦	૮	૭

2. અનિલ ડિપાર્ટમેન્ટ સ્ટોસ ના માલિક શ્રી વિપુલ તમને તેમના ફર્નિચર અને કાપડ વિભાગ અંગે તારીખ 31/3/26 ના રોજ પુરા થતા વર્ષને લગતી નીચેની માહિતી પુરી પાડે છે તેના આધારે તમારે બંને વિભાગ ના ખાત્તાવાર વેપાર ખાતા અને નફા નુકશાન ખાતા તૈયાર કરવાનાં છે

વિગત	ફર્નિચર	કાપડ	કુલ
શરૂઆત નો સ્ટોક	12000	16000	28000
ખરીદી	94000	126000	220000
વેચાણ	187000	229000	416000
કાપડ વિભાગ ને આપેલ માલ	15000	-	15000
ફર્નિચર ને આપેલ માલ	-	18000	18000
ખરીદ પરત	4000	6000	10000
વેચાણ પરત	12000	4000	16000
આખર સ્ટોક	16000	22000	38000
મજુરી	-	-	21000
આવક માલ ગાડાં ભાડુ	-	-	9100
મળેલ વટાવ	-	-	4200
જાવક માલ ગાડાં ભાડુ	-	-	3200
પગાર	24000	32000	56000
સામાન્ય પગાર	-	-	40000
ભાડુ અને વેરો	-	-	12000
આપેલ વટાવ	-	-	3200
પરચુરણ ખર્ચ	-	-	4800

હવાલા 1) બંને વિભાગો 3:1 ના પ્રમાણ માં જગ્યા રોકે છે

2) ધંધામાં 90,000 ના યંત્રો વપરાય છે જેના પર 10% ઘસારો માંડી વાળવાનો છે અને તે ફર્નિચર તથા કાપડ વિભાગ વચ્ચે 3:2 ના પ્રમાણ માં ફાળવવના છે

3) બીજા ખર્ચા યોગ્ય ધોરણે ફાળવવના છે

3) નીચેની વિગતો સ્વરાજ લિમિટેડ ના ચોપડા માંથી લેવામાં આવી છે

વિગત	A	B	C
ખરીદી	200000	300000	800000
ખરીદ માલ પરત	20000	10000	30000
વેચાણ	610000	1220000	1830000
વેચાણ માલ પરત	10000	20000	30000
મજુરી	40000	60000	80000
સ્ટોક (1/4/25)	50000	70000	10000
સ્ટોક (31/3/26)	80000	50000	40000

A ખાતા માંથી મોકલેલ માલ - B ખાતા ને 10000 અને C ખાતા ને 20000

B ખાતા માંથી મોકલેલ માલ - A ખાતાને 5000 અને C ખાતાને 10000

C ખાતામાંથી મોકલેલ માલ - A ખાતાને 7000 અને B ખાતાને 9000

4. પરેશ અને સુરેશ ભાગીદારી માં ડિપાર્ટમેન્ટ સ્ટોર ચલાવે છે જેમાં બે વિભાગ છે A અને B તારીખ 31/3/26 ના રોજ કાચું સરવૈયું નીચે મુજબ હતું

ઉધાર બાકી	રૂપિયા	જમા બાકી	રૂપિયા
શરુ સ્ટોક A	28000	વેચાણ A	240000
શરુ સ્ટોક B	35000	વેચાણ B	192000
ખરીદી A	120000	લેણદારો	46000
ખરીદી B	80000	લોન	26900
મકાન	120000	મૂડી પરેશ 90000	
મકાન વીમા પ્રીમિયમ	900	મૂડી સુરેશ 70000	160000
ભાડુ વેરો	16200	રોકાણ નું વ્યાજ	2000
ઓડિટ ફી	2100		
દેવાદારો	36000		

ઘાલખાધ	2700		
જાવક માલ ગાડાં ભાડુ	9000		
આવક માલ ગાડાં ભાડુ	5500		
પગાર સામાન્ય	41900		
પગાર A	11000		
પગાર B	23000		
વીજળી	1800		
જાહેરાત	18000		
9% ના રોકાણ	30000		
ફર્નિચર	35000		
બેન્ક સિલક	23200		
બેન્ક વ્યાજ	5600		
ઉપાડ પરેશ 14000			
ઉપાડ સુરેશ 8000	22000		
	666900		666900

વધારાની માહિતી :

(૧) આખર સ્ટૉક : A રૂ. ૨૮,૦૦૦, B રૂ. ૩૨,૦૦૦.

(૨) ફર્નિચર પર વાર્ષિક ૧૦% ઘસારો ગણવાનો છે, જે બંને વિભાગ વચ્ચે ૪ : ૩ના પ્રમાણમાં ફાળવવાનો છે.

(૩) વીમા પ્રીમિયમ પૈકી રૂ. ૩૦૦ અગાઉથી ચૂકવેલા છે.

(૪) મૂડી પર અને ઉપાડ પર વાર્ષિક ૧૦% લેખે વ્યાજ ગણવાનું છે.

(૫) પરેશ અને સુરેશ નફો-નુકસાન ૪ : ૩ના પ્રમાણમાં વહેંચે છે.

(૬) બંને વિભાગોએ રોકેલી જગ્યા અનુક્રમે ૪૦૦ ચો. ફૂટ અને ૨૦૦ ચો. ફૂટ છે.

ઉપરની વિગતો પરથી તા. ૩૧-૩-૨૦૨૬ના રોજ પૂરા થતાં વર્ષનાં બંને વિભાગનાં વેપાર ખાતાં અને નફાનુકસાન ખાતાં તથા સામાન્ય નફાનુકસાન ખાતું અને તે જ તારીખનું પાકું સરવૈયું તૈયાર કરો

5. નીચે આપેલા કાચા સરવૈયા પરથી રિલાયન્સ નું 31/3/26 ના રોજ પુરા થતા વર્ષ નું ખાતા વાર વેપાર ખાતું, નફા નુકશાન ખાતું સામાન્ય નફા નુકશાન ખાતું અને પાકું સરવૈયું તૈયાર કરો.(2017)

વિગત	ઉધાર બાકી	જમા બાકી
શરુ નો સ્ટોક A વિભાગ	120000	
B વિભાગ	105000	
ખરીદી A વિભાગ	250000	
B વિભાગ	200000	
વેચાણ A વિભાગ		500000
B વિભાગ		250000
મજૂરી A વિભાગ	69000	
B વિભાગ	20000	
પગાર	21000	
વીજળી ખર્ચ	15000	
ઘાલખાધ	15000	
વટાવ	12000	18000
જાહેરાત ખર્ચ	9000	
દેવાદારો - લેણદારો	30000	50000
જમીન મકાન	80000	
ફર્નિચર	40000	
કાનૂની ખર્ચ	5000	
મેનેજર નો પગાર	10000	
મૂડી		203000
બેન્ક શિલક	20000	
કુલ	1021000	1021000

વધારાની માહિતી :

(૧) આખરનો સ્ટોક :

A વિભાગ રૂ. ૮૦,૦૦૦

B વિભાગ રૂ. ૬૦,૦૦૦

(૨) પગાર અને વીજળી ખર્ચ PTA વિભાગ અને POY વિભાગ વચ્ચે ૨ : ૧ ના પ્રમાણમાં ફાળવવાનો છે.

(૩) જમીન-મકાન પર ૧૦% અને ફર્નિચર પર ૧૫% લેખે ઘસારો ગણવાનો છે, અને તે બંને વિભાગો વચ્ચે ૧ : ૧ ના પ્રમાણમાં ફાળવવાનો છે.

6. નીચે આપેલ કાચા સરવૈયા પરથી 31/3/25 ના રોજ પુરા થતા વર્ષનું ખાત્તાવાર વેપાર, નફનુકશાન ખાતું અને પાકું સરવૈયું બનાવો (2018)

ઉધાર બાકી	રૂપિયા	જમા બાકી	રૂપિયા
શરૂઆત નો સ્ટોક		મૂડી	825000
A વિભાગ 45000 B વિભાગ 60000	105000	વેચાણ	
ખરીદી		A વિભાગ 375000 B વિભાગ 225000	600000
A વિભાગ 180000 B વિભાગ 120000	300000	લેણદારો	28000
વેચાણ માલ પરત		દેવી હૂંડી	23400
A વિભાગ 30000 B વિભાગ 15000	45000	ખરીદ માલ પરત	
જમીન મકાન	400000	A વિભાગ 30000 B વિભાગ 15000	45000
ફર્નિચર	200000	બેન્ક ઓવરડ્રાફ્ટ	14000
વાહનો	75000		
દેવાદારો	45000		
લેણી હૂંડી	48000		
હાથ પર રોકડ	80000		
આવક માલ ગાડાં ભાડુ	17000		
જાવક માલ ગાડાં ભાડુ	7400		
પગાર	90000		
વીજળી	30000		
જાહેરાત ખર્ચ	42000		
માલનું વીમા પ્રીમિયમ	8000		
ઓડિટ ફી	10000		
કાનૂની ખર્ચ	3000		
પરચુરણ ખર્ચ	30000		
કુલ	1535400	કુલ	1535400

વધારાની માહિતી :

(૧) ફર્નિચર પર ૧૦% ઘસારો ગણવો જે બંને વિભાગ વચ્ચે ૩ : ૨ના પ્રમાણમાં ફાળવવો. જમીન-મકાન પર ૫% ઘસારો ગણો.

(૨) અ વિભાગનો જાહેરાત ખર્ચ બ વિભાગના જાહેરાત ખર્ચ કરતાં ૧૦% વધુ છે.

(૩) આખર સ્ટૉક :

આ વિભાગ : 50000

બ વિભાગ: 50000

માલનું વીમા પ્રીમિયમ આખર સ્ટૉકના પ્રમાણમાં ફાળવવાનું છે.

(૪) ફાળવણી અંગે વધારાની માહિતી નીચે મુજબ છે :

વિગત	આ વિભાગ	બ વિભાગ
રોકેલી જગ્યા (ચો. ફૂટ)	૧૨૫	૭૫
વીજળીના પોઈન્ટ્સ	૧૫	૧૦
પરચૂરણ ખર્ચા	૧	૧
પગાર	૫	૪

7.નીચે આપેલ કાચા સરવૈયા પરથી 31/3/25 ના રોજ પુરા થતા વર્ષનું ખાત્તાવાર વેપાર, નફનુકશાન ખાતું અને પાકું સરવૈયું બનાવો (2025)

વિગત	ઉધાર રૂ.	જમા રૂ.
સ્ટોક (1-4-2023) વિભાગ અ	85,000	—

સ્ટોક (1-4-2023) વિભાગ બ	72,500	—
ખરીદી : વિભાગ અ	2,27,000	—
ખરીદી : વિભાગ બ	2,01,000	—
વેચાણ : વિભાગ અ	—	3,54,000
વેચાણ : વિભાગ બ	—	3,06,250
મજૂરી : વિભાગ અ	41,000	—
મજૂરી : વિભાગ બ	13,500	—
ભાડું, કેરેજ અને વીમો	46,950	—
પરચુરણ ખર્ચ	18,000	—
પગાર	15,000	—
વીજળી	10,500	—
આપેલ વટાવ	11,100	—
મળેલ વટાવ	—	3,250
જાહેરાત	18,400	—

આવકાં માલ ગાડાં ભાડુ	11,700	—
ફર્નિચર અને ફિટિંગ	15,000	—
સંચા અને યંત્રો	1,05,000	—
દેવાદારો	30,300	—
લેણદારો	—	93,000
મૂડી ખાતું	—	2,38,300
ઉપાડ	22,500	—
રોકડ	850	—
બેંક	49,500	—
કુલ	**9,94,800**	**9,94,800**

વધારાની માહિતી

1. ભાડું, કેરેજ અને વીમો, પરચુરણ ખર્ચ, વીજળી, પગાર અને આવકભાવ ગાંડાલાઈ વિભાગ અ અને બ વચ્ચે **2 : 1** ના પ્રમાણમાં વહેંચવાના છે.
2. જાહેરાત ખર્ચ સરખા હિસ્સે વહેંચવાનો છે.
3. આપેલ અને મળેલ વટાવ સરખા આધારે વહેંચવાના છે.
4. ફર્નિચર અને ફિટિંગ તથા સંચા અને યંત્રો પર વાર્ષિક **10%** ઘસારો ગણવાનો છે. આ રકમ વિભાગ અ અને બ વચ્ચે **3 : 1** ના પ્રમાણમાં વહેંચવાની છે.

8. નીચે આપેલ કાચા સરવૈયા પરથી 31/3/25 ના રોજ પુરા થતા વર્ષનું ખાત્તાવાર વેપાર, નફનુકશાન ખાતું અને પાકું સરવૈયું બનાવો (2024)

વિગત	ઉધારબાકી **(₹)**	જમા બાકી **(₹)**
સ્ટોક (01-04-2022) – વિભાગ A	૫,૪૦૦	–
સ્ટોક (01-04-2022) – વિભાગ B	૪,૯૦૦	–
ખરીદી – વિભાગ A	૯,૮૦૦	–
ખરીદી – વિભાગ B	૭,૩૫૦	–
વેચાણ – વિભાગ A	–	૧૬,૯૦૦
વેચાણ – વિભાગ B	–	૧૩,૫૨૦
મજૂરી – વિભાગ A	૧,૩૪૦	–
મજૂરી – વિભાગ B	૨૪૦	–
ભાડું	૧,૮૭૦	–
વીજળી	૧,૩૨૦	–
આપેલી વટાવ	૪૨૦	–
મળેલી વટાવ	–	૧૩૩

જાહેરાત	૭૩૮	–
આવક ભાડામજૂરી (Carriage Inward)	૪૬૯	–
ફર્નિચર	૬૦૦	–
પ્લાન્ટ	૪,૨૦૦	–
દેવાદાર	૧,૮૨૦	–
લેણદાર	–	૩,૭૩૭
મૂડી	–	૯,૫૩૦
ઉપાડ	૯૦૦	–
હાથમાં રોકડ	૩૨	–
બેંકમાં રોકડ	૧,૯૮૦	–
કુલ	૪૩,૮૨૦	૪૩,૮૨૦

વધારાની માહિતી

(અ) ભાડું, વીજળી, પગાર અને ઘસારો વિભાગ A અને વિભાગ B વચ્ચે ૨ **:** ૧ ના પ્રમાણમાં વહેંચવાના.

(બ) અન્ય ખર્ચ અને આવક યોગ્ય ધોરણે વિભાગ A અને વિભાગ B વચ્ચે વહેંચવાના.

(ક) નીચેના સમાયોજનો કરવાની છે:

- અગાઉથી ચુકવેલ ભાડું = ₹ ૩૭૦

- બાકી રહેલી વીજળી = ₹ ૧૮૦
- ફર્નિચર પર ઘસારો = ૧૦%
- પ્લાન્ટ પર ઘસારો = ૧૦%

(ડ) ૩૧-૦૩-૨૦૨૩ ના રોજ અંતિમ સ્ટોક:

- વિભાગ A = ₹ ૨,૭૪૮
- વિભાગ B = ₹ ૨,૪૦૧